૧૯૫

રાજ્ય સરકારની નોકરીમાં મહિલાઓ માટે
અનામત જગ્યાઓ રાખવા બાબત.

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃસીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ ગ.૨ (ભાગ-૧)
સચિવાલય, ગાંધીનગર,
તારીખઃ-૧૧/૧૧/૨૦૧૪

<u>સંદર્ભ</u> (૧) સામાન્ય વહીવટ વિભાગ ના તા.૯/૪/૯૭ની જાહેરનામા ક્રમાંકઃ જીએસ/૯૭/૧૩/સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ.૨.

(૨) સામાન્ય વહીવટ વિભાગ ના તા.૧૪/૬/૧૨ની જાહેરનામા ક્રમાંકઃ જીએસ/૨૦૧૨/૧૨/સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ.૨.

(૩) સામાન્ય વહીવટ વિભાગ ના તા.૧૧/૧૧/૨૦૧૪ ની જાહેરનામા ક્રમાંકઃ જીએસ/૨૦૧૪ /૩૭ / સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ.૨ (ભાગ-૧)

<u>ઠરાવઃ-</u>

સામાન્ય વહીવટ વિભાગની સંદર્ભમાં જણાવેલ તા.૯/૪/૯૭ની અધિસૂચનાથી રાજ્ય સરકાર હેઠળની તમામ સેવાઓ અને જગ્યાઓ પર મહિલાઓને નિમણુંક માટે ૩૦ ટકા જગ્યાઓ અનામત રાખવા અંગેની જોગવાઇ કરવામાં આવી છે. તેના બદલે સંદર્ભમાં જણાવેલ તારીખ.૧૧/૧૧/૨૦૧૪ના જાહેરનામાથી મહિલાઓને નિમણુંક માટે ૩૦ ટકાના બદલે ૩૩ ટકા જગ્યાઓ અનામત રાખવા અંગેની જોગવાઇ કરવામાં આવી છે. આ હુકમો આ જાહેરનામું પ્રસિદ્ધ થયા તારીખ.૧૧/૧૧/૨૦૧૪ થી અમલમાં આવેલ છે. આથી આ જાહેરનામું અમલમાં આવ્યાં તારીખ.૧૧/૧૧/૨૦૧૪ ના રોજ જે જગ્યાની સીધી ભરતી માટેની જાહેરાતો પ્રસિદ્ધ થઇ ગઇ હોય અને અરજી કરવાની તારીખ પૂર્ણ થયેલ ન હોય તેવી તમામ સીધી ભરતી માટેની જાહેરાતોને પણ મહિલાઓને નિમણુંક માટે ૩૩ ટકા અનામતની જોગવાઇ લાગુ પડશે.

Scanned by CamScanner

સંબંધિત ભરતી કરનાર એજન્સીએ આ અંગે સંબંધિત જગ્યાની જાહેરાતના સંદર્ભે યોગ્ય તે સુધારા સાથેની જાહેરાત યોગ્ય માધ્યમો દ્વારા પ્રસિદ્ધ કરવાની રહેશે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સી.એમ.સંદાદીયા)
સંયુક્ત સચિવ (ક.ગ)
સામાન્ય વહીવટ વિભાગ

પ્રતિ

માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, ગાંધીનગર.
માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, ગાંધીનગર.
માન.વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
માન.સર્વે મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓની અંગત સચિવશ્રીઓ.

- રજિસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ડો. જીવરાજ મહેતા ભવન, સચિવાલય ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત સિવિલ સર્વિસીઝ ટ્રીબ્યુનલ, ગાંધીનગર.

સચિવાલયના તમામ વિભાગો (પાંચ નકલો) (વિભાગ હેઠળના ખાતા/કચેરીના વડાઓને ધ્યાને મુકવા વિનંતિ)
સામાન્ય વહીવટ વિભાગની તમામ શાખાઓ/અધિકારીઓ.
સિલેક્ટ ફાઇલ/ગ.ર.શાખા.

---

- પત્ર દ્વારા

Scanned by CamScanner